ગાંધીનગર સમાચાર

શહેરના માર્ગો જય અંબેના જયઘોષથી ગુંજયા

@ગાંધીનગર

ગણેશોત્સવ - ચોથો દિવસ

● શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સે-૨૨ રંગમંચ ખાતે રાત્રિના ૮.૩૦ કલાકે પુરસ્કૃત 'લોકનૃત્ય મહોત્સવ' યોજાશે.

● શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સેકટર-૬-ડી ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે રાત્રે ૮.૩૦ કલાકે જાદુના જલસાનો કાર્યક્રમ યોજાશે.

● યુનાઇટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્લોટ નં. ૭૮૭/૧, સે-૭-બી ખાતે સવારે ૯ કલાકે ભવ્ય હોમાત્મક ગણેશયાગ તથા સાંજે ૫.૦૦ કલાકે ૧૦૦૮ લાડુની આહુતી કરાશે.

● યુવક મિત્ર મંડળ દ્વારા સેકટર-૩-ડી ગણેશ મહોત્સવ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે મ્યુઝિકલ નાઈટનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨-સી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા રાત્રિના ૯.૦૦ કલાકે બાળકો માટે ડાન્સનો કાર્યક્રમ યોજાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી ગણેશ મહોત્સવ ખાતે બપોરના ૩ થી ૫ કલાક દરમિયાન ભજનનો કાર્યક્રમ યોજાશે તેમજ રાત્રે ૯.૦૦ કલાકે રમત સ્પર્ધા યોજાશે.

● શ્રી સિદ્ધિ વિનાયક મિત્ર મંડળ દ્વારા ઘ-૧, વગડાવાળી માતાજી મંદિરના ચોકમાં સે-૩-એ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે જાદુગરનો શો યોજાશે.

● જય ગોગા યુવક મંડળ દ્વારા સે-૫-બીના મેઈન શોપીંગ સેન્ટરની સામે ગણેશ મહોત્સવ ખાતે રાત્રિના ૮ કલાકે સંજયભારતી બાપુની વ્યાસ પીઠે સુંદરકાંડના પાઠ યોજાશે.

● હેપ્પી યુથ કલબ દ્વારા સરકારી આયુર્વેદિક હોસ્પિટલના સહયોગથી સે-૧૨ સી.એમ. પટેલ ફીઝીયોથેરાપી કોલેજ ખાતે બપોરના ૧૨ કલાકે આયુર્વેદિક માર્ગદર્શન સેમિનાર યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા ગણેશોત્સવ નિમિત્તે બપોરના ૪ થી ૬ કલાક દરમિયાન સે-૧૬ બ્રહ્મભવન ખાતે બૂટભવાની મંડળ દ્વારા આનંદના ગરબા યોજાશે.

નદીમાં ન્હાવા પડેલો પેથાપુરનો યુવાન ડુબ્યો



ગાંધીનગર, તા.૭

પેથાપુર કાતે રહેતો ૨૬ વર્ષીય યુવાન ગઈ કાલે બપોરે તેના મિત્રો સાથે ફતેપુરા નજીક સાબરમતીનદીમાં ન્હાવા પડયો હતો. પગ લપસી જતા નદીના પાણીમાં ગરકાવથી જતા ફાયરબ્રિગેડની ટીમ બોલાવી તેની શોધખોળ ગઈકાલથી ચાલી રહી હતી. દરમિયાન આજે તેનો નદીમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

પેથાપુર ગામમાં રહેતો ૨૬ વર્ષીય યુવાન વિમલસિંહ ગોવિંદસિંહ ચાવડા ગઈ કાલે તેના મિત્રો સાથે પેથાપુર નજીક ફતેપુરા પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં ન્હાવા પડયો હતો. અચાનક તે લપસી જતા નદીની અંદર ખાડામાં ગરકાવ થઈ ગયો અને પછી પાણીમાં લાપતા થઈ ગયો હતો. ગાંધીનગર ફાયર બ્રિગેડને ઘટનાની જાણ થતા ફાયર ઓફીસર મહેશ મોડની સુચનાથી તેમની રેસ્ક્યુ ટીમના ફાયરમેન ચિનુભાઈ પટેલ તથા સ્ટાફ સ્થળ પર પહોંચી ગયા હતા અને ગઈ કાલે તેના સગડ મળ્યા ન હતા. દરમિયાન આજે ૧૧ વાગ્યાના અરસામાં નદીમાંથી વિમળસિંહનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ બહાર કઢાવી પથાપુર પોલીસે પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની ઝીણવટભરી તપાસ આરંભી છે.

વાતવાતમાં

● શહેરમાં ગણેશોત્સવ સાથે અંબાજી પદયાત્રીઓ માટેના સેવા કેમ્પોના પંડાલો પણ કાર્યરત થઈ જતા ઉત્સવનો માહોલ જામ્યો છે. સામાન્ય રીતે રાત્રિના સમયે શાંત અને નિરસ રહેતુ ગાંધીનગર એકાએક જીવંત થઈ ઉઠયું હોય તેમ ભાસી રહ્યું છે.

● શહેરના સે-૮-એ ખાતેની લીટલ એન્જલ્સ સ્કૂલ દ્વારા વાર્ષિક મેગેઝીન 'વિંગ્સ'નો વર્ષ ૨૦૧૬-૧૭નો અંક પ્રકાશિત કરાયો છે. આ મેગેઝીનમાં શાળાની તમામ પ્રવૃત્તિઓની રજેરજની વિગત રંગીન તસવીરો સાથે આવરી લેવાઈ છે.

● શહેરના માર્ગો પરથી હજજારોની સંખ્યામાં અંબાજીના પદયાત્રીઓ પસાર થઈ રહ્યા છે. સાથે પદયાત્રીઓને ઉપયોગી થાય તેવી ચીજવસ્તુઓ જેવી કે લાલ પંચિયુ, ટી શર્ટ, બર્મુડા, હળવા સ્લીપર્સ, હળવા બેકપેક થેલા વગેરેનું વેચાણ કરતા ફેરિયાઓ-વપારીઓ પણ મોટી સંખ્યામાં ઉમટી પડયા છે.

● દહેગામ તાલુકાના બહિયલ ગામને ગેબનશાહ પીરની દરગાહના ઓટલા પર એક પરિવારની બે મહિલા સહિત કુલ ત્રણ કુટુંબીજનોએ ઝેરી દવા ગટગટાવી છે. દરગાહની જમીનના વિવાદને કારણે ઝેરી દવા પીનાર ત્રણેયને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લવાયા છે.

શુક્રવારે સે-૨૨ રંગમંચ ખાતે જય અંબે પરિવારની ૨૮મી અનોખો 'ગજોત્સવ' ઉજવાશે

આપણું ફાઉન્ડેશન દ્વારા સાર્વજનિક ગણેશોત્સવમાં શ્રમજીવી-જરૂરિયાતમંદ વર્ગના તેમજ દિવ્યાંગ બાળકોનો ટેલેન્ટ શો યોજાશે : દિકરી બચાવો અને ભણાવો વિષયે શોર્ટ ફિલ્મ રજૂ કરાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં ગણપતિ ઉત્સવ ભારે હર્ષોલ્લાસથી ઉજવાઈ રહ્યો છે. સે-૨૨માં સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા રંગમંચ ખાતે આયોજિત પરંપરાગત ગણેશોત્સવમાં તા. ૯મી સપ્ટેમ્બર શુક્રવારે રાત્રે ૮.૩૦ કલાકે આપણું ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળાના બાળકોનો અનોખો 'ગજોત્સવ ટેલેન્ટ શો' યોજાશે. આ સાથે કૃણાલ વ્યાસ દિગ્દર્શિત 'દિકરી બચાવો અને ભણાવો' વિષય પર આધારિત શોર્ટ ફિલ્મ પણ દર્શાવાશે.

આપણું ફાઉન્ડેશન દ્વારા રજૂ થનાર 'ગજોત્સવ' ટેલેન્ટ શોમાં ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળાના ૧૦૦થી વધુ બાળકો પોતાની પ્રતિભાનું નિદર્શન કરશે. આપણું ફાઉન્ડેશન શહેરના શ્રમજીવી તથા જરૂરિયાતમંદ વર્ગના બાળકોની ક્ષમતા બહાર આવે તે હેતુથી તેમને પ્લેટફોર્મ પુરું પાડવાનું કાર્ય કરે છે. આ સાથે તેઓ દિવ્યાંગ બાળકોને પણ તેમની ક્ષમતા પ્રદર્શિત કરવાની તક આપે છે. આ ગજોત્સવ દ્વારા આ બાળકોને સમાજ સાથે જોડાવાની તક સાંપડશે તેમજ નાગિરકોને પણ શ્રમજીવી, જરૂરિયાતમંદ કે દિવ્યાંગ બાળકમાં રહેલી આવડત, પ્રતિભા એ શકિતઓની ઓળખાણ થશે.

'ગજોત્સવ'માં શહેરની અંધશાળાના પ્રજ્ઞાચક્ષુ બાળકો દ્વારા મ્યુઝિક શો, દિવ્યાંગ બાળકો દ્વારા એમજે સ્ટાઈલ ડાન્સ, આદિવાડાના છાપરાના બાળક દ્વારા રબરમેન ઉપરાંત અન્ય બાળકો દ્વારા ડાંગ નૃત્ય, કરાટે, નાસિક ઢોલ, તબલા વાદન અને ભારતનાટયમ સહિતના વિવિધસભર કાર્યક્રમ પ્રસ્તુત કરાશે. આ બાળકોએ અગાઉ ટાઉનહોલ ખાતે યોજાયેલા ટેલેન્ટ શોમાં પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા તેથી નગરજનોમાં આ ગજોત્સવ અંગે ભારે ઉત્સુકતા વ્યાપી છે.

અંબાજી પદયાત્રાનું પ્રસ્થાન

ગાંધીનગર, તા.૭

'બોલ માડી અંબે, જય જય અંબે'ના જયઘોષ સાથે અંબાજી તરફના માર્ગો પદયાત્રીઓથી ઉભરાઈ રહ્યાં છે. ગાંધીનગરના સે-૧૩ ખાતેથી જય અંબે પરિવાર દ્વારા આયોજિત સતત ૨૮મી અંબાજી પદયાત્રાનું આજે સવારે ૮.૩૦ કલાકના શુભ મુહુર્તે પ્રસ્થાન કરાયું હતું. આ પ્રસંગે માતાજીની પવિત્ર ધજા તથા રથમાં બિરાજમાન જગદંબાનું પૂજન અર્ચન કરી સે-૧૩ના શકિત ચોક ખાતે રથ સાથે ૨૫૦થી વધુ પદયાત્રીઓએ શુભેચ્છા આપવા પધારેલ મેદની વચ્ચેથી શાહી પ્રસ્થાન કર્યું હતું.

જય અંબે પરીવારનો આ પદયાત્રી સંઘ સે-૧ થી પ્રસ્થાન થઈ બપોરે રાંધેજા ખાતે ભોજન પ્રસાદ ગ્રહણ કરી વિરામ કરી સાંજના ૪ વાગે ફરીથી અંબાજી તરફ આગળ વધ્યો હતો. આ સંઘ અગિયારસના દિવસે અંબાજી ખાતે પહોંચી માતાજીના મંદિરે પવિત્ર ધજા અર્પણ કરી શિખરે લહેરાવશે ત્યારબાદ પદયાત્રીઓ ઉજાણીનો આનંદ માણી તા.૧૩મી સપ્ટેમ્બરે સ્વગૃહે પરત ફરશે. સંઘ સતત ધૂન કિર્તન સાથે વાજતે ગાજતે વાસન મહાદેવ, ઉમતા, શાહુપુરા તથા દાતા મુકામે રાત્રિ રોકાણ સાથે અંબાજી પહોંચશે. સંઘમાં મોઘરે ધજા અને અંતમાં રથ રહે તે રીતે પદયાત્રીઓ અંબેમાના ગુણગાન ગાતા ધૂન બોલતા ચાલતા રહે છે. સંઘમાં કોઈ પણ પ્રકારના વ્યસનનો નિષેધ હોય છે અને કુલ ૧૬૦ કિમીની પદયાત્રીઓ પદયાત્રા કરશે.

એપોલોમાં દાખલ દર્દી પર ડોકટર અને સ્વીપરે ગુજાર્યો બળાત્કાર

ગાંધીનગરની ૨૨ વર્ષીય યુવતી ડેન્ગ્યુની સારવાર હેઠળ દાખલ હતી ત્યારે આઈ.સી.યુ.માં કાંડ કર્યો હોવાની પોલીસ ફરિયાદ : મોડી રાત્રે ડોકટર અને સ્વીપરની ધરપકડ : સીસીટીવી ફુટેજ મેળવવામાં આવ્યા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે સ્થિત અપોલો હોસ્પિટલમાં ૨૨ વર્ષની યુવતી ડેન્ગ્યુની સારવાર માટે દાખલ થઈ હતી. તેણીની હાલત ગંભીર થતા આઈસીયુમાં શીફટ કરવામાં આવી હતી. ત્યારે એક ડોકટર અને સ્વીપરે મળીને આ બિમાર યુવતી પર બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ અડાલજ પોલીસ મથકમાં નોંધાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. અડાલજ પોલીસે યુવતીની ફરિયાદ આધારે ગુનો નોંધી ડોકટર અને સ્વીપર બંનેની મોડી રાત્રે ધરપકડ કરી લઈ ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેર વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષની યુવતી ડેન્ગ્યુની બીમારીમાં સપડાતા ૨૨ ઓગષ્ટે અપોલો હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થઈ હતી. તાવમાં ઉતાર ચઢાવ આવતો રહેતો હતો દરમિયાન રવિવારે તેણીની તબિયત વધુ લથડી જતા બેભાન હાલતમાં આઈસીયુમાં શિફટ કરવામાં આવી હતી. આઈસીયુમાં સારવારના બહાને એક ડોકટર અને એક સ્વીપરે મળીને યુવતી ઉપર બળાત્કાર ગુજાર્યો હોવાના આક્ષેપ સાથે યુવતીએ અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ડો. રમેશકુમાર ભુરાલાલ ચૌહાણ અને સ્વિપર ચંદ્રકાન્ત ઉર્ફે ચંદુ ગોવિંદભાઈ વણકર બંને સામે યુવતીની ફરિયાદને આધારે અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને પી.આઈ. કે.કે. પંડયાએ મોડી રાત્રે બંને આરોપીઓની ધરપકડ કરી પુછપરછ શરુ કરી છે. હોસ્પિટલના આઈસીયુના સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવી ચકાસણી શરુ કરવામાં આવી છે તે ઉપરાંત બંનેના મેડીકલ રીપોર્ટ કરાવવા પોલીસે તજવીજ શરુ કરી છે.

બે દાયકાથી અવિરત સેવા આપતું બાપા સીતારામ સેવા કેન્દ્ર : સવાર-સાંજ ભકતો માટે ખીચડી-કઢીનો પ્રસાદ

ગાંધીનગર, તા.૭

બોલ મારી અંબે જય જય અંબેના નારાથી શહેરના માર્ગો ગુંજી રહ્યા છે. ભકતો ની સંખ્યા ધીમે ધીમે વધતી જાય છે. ભાદરવી પૂનમે અંબાજી જતા લાખો પદયાત્રીકો માટે જિલ્લા પંચાયત પાસે બે દાયકાથી પણ વધુના સમયથી અવિરત બાપા સીતારામ સેવા કેન્દ્ર કાર્યરત છે. આ સેવાકેન્દ્રમાં ભકતો માટે ચા-પાણી, સુકો નાસ્તો, મોબાઈલ ચાર્જર, મેડીકલ સેવા સહિત સવાર-સાંજ હજજારો ભકતોને ખીચડી-કઢીનો પ્રસાદ આપવામાં આવે છે. ૨૪ કલાક ચાલતા બાપા સીતારામ સેવા કેન્દ્રમાં ૧૦ વધુ યુવાનો ભકતોની સેવામાં સતત ખડેપગે જોવા મળે છે.

ગાંધીનગર શહેરના રાજમાર્ગો જયઅંબેના નારાથી ગુંજી ઉઠયા છે. ભાદરવી પૂનમના દિવસો નજીક આવતા જશે તેમ પદયાત્રીકોની સંખ્યા વધતી રહેશે. શહેરમાંથી રોજના હજજારો ભકતો અત્યારે હાલ પસાર થાય છે. ત્યારે શહેરના વિવિધ માર્ગો પર પદયાત્રીકોની સેવા માટે સેવાકેન્દ્ર કાર્યરત થઈ ગયા છે. રાત દિવસ ચાલતા સેવાકેન્દ્રમાં સેવાભાવી નગરજનો સતત સાથ અને સહકાર પુરો પાડી રહ્યા છે. ત્યારે જિલ્લા પંચાયત પાસે છેલ્લા બે દાયકાથી યુવાનો દ્વારા ભાદરવા સુદ ત્રીજ થી તેરસ સુધી સેવાકેન્દ્ર ચલાવામાં આવે છે. જેમાં મમરા, ભેળ, ફુલવડી, પૌવા, ચા-પાણી, લીંબુ શરબત, ફળફળાદી, આરોગ્યલક્ષી સેવા, કઢી-ખીચડી, આરામ, મોબાઈલ ચાર્જીંગ સહિતની સેવાઓ પુરી પાડવામાં આવે છે. ગાંધીનગર શહેરમાંથી મોટાભાગના દક્ષિણ ગુજરાત તરફથી આવતા પદયાત્રાળુ વિશેષ હોય છે. બાપા સિતારામ સેવા કેન્દ્રમાં વર્ષોથી ચાલતા આવતા યાત્રાળુઓ ચોક્કસ વિરામ કરીને જાય છે. જયારે અહીં કામ કરતા યુવાનો હસતા મોંએ રાત દિવસ યાત્રિકોની સેવા કરતા હોવા છતા થાક તેમના ચહેરા પર વર્તાતો નથી અને હાસ્ય સાથે જય અંબે જય અંબે બોલતા જાય છે અને પાછા કાર્યમાં પરોવાઈ જાય છે.

શહેર વસાહત મહામંડળ દ્વારા અસ્થિ વિસર્જનનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૭

શહેર વસાહત મહામંડળ દ્વારા તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ પવિત્ર ગંગા નદીમાં મૃત સ્વજનોના અસ્થિઓનું વિસર્જન કરવામાં આવશે. મહામંડળના પ્રમુખ અરુણ બુચના જણાવ્યા મુજબ તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ મહામંડળના ઉદયભાઈ ત્રિવેદી અસ્થિકુંભ લઈને હરિદ્વાર પહોંચશે. ત્યારબાદ ૧૨મી સપ્ટેમ્બરે સવારે ૭.૩૦થી ૧૦.૩૦ દરમિયાન અસ્થિઓનું વિસર્જન કરવામાં આવશે. આ પૂર્વે ૧૦મીએ સવારે ૯.૧૫ કલાકે સે-૩૦ અંતિમધામ ખાતે સદગત આત્માઓના માનમાં પ્રાર્થના સભાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સદગતના સ્નેહીઓને હાજર રહેવા જણાવાયું છે. ૧૦મી સવારે ૧૦ કલાકે ગાંધીનગર રેલવે સ્ટેશનથી અસ્થિકુંભને વિદાય આપવામાં આવશે.

આર.આર. સેલે રીઢા વાહનચોરને પકડયો

ગાંધીનગર રેન્જ આઈજીપીની સુચનાથી પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા ટીમ વાહનચોરીના ગુનાઓ શોધી કાઢવાની દિશામાં કામગીરી કરી રહી છે. કટોસણથી બેચરાજી રોડ પરથી બાતમીને આધારે ચોરીના બાઈક સાથે કટોસણનાં સંજય સનુભા ઝાલાને પકડી ઉંડી પુછતાછ કરી હતી. વાહનના કાગળો ન મળતા બાઈક જપ્ત કરી વધુ પુછપરછ આરંભી હતી. જેમાં તેણે આ બાઈક કડી વિસ્તારમાંથી ચોરી કર્યું હોવાનું તથા પોતાના ઘરના વાડામાં અન્ય બે બાઈકો તેના મિત્ર વિરેન્દ્ર ઉર્ફે ભયલુ કીતુભા ઝાલા સાથે મળી આણંદ અને બેચરાજીથી ચોરેલા હોવાની કબુલાત કરી હતી. વાડામાં તપાસ કરતા નંબર પ્લેટ બદલીને મુકેલા બાઈક પણ મળી આવ્યા હતાં. આર.આર. સેલે ત્રણેય બાઈક રીકવર કરી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ શરુ કરી છે.

શહેરના માર્ગો જય અંબેના જયઘોષથી ગુંજયા

પદયાત્રીઓનું મોટી સંખ્યામાં અંબાજી તરફ પ્રયાણ : વિસામાઓમાં પણ સેવાર્થીઓ ખડે પગે

ગાંધીનગર, તા.૭

જગત જનની જગદંબાના પ્રાગટય ધામ એવા અંબાજીમાં ભાદરવી પૂનમે વિરાટ મેળો યોજાવાનો છે. પરંપરા અનુસાર દર વર્ષે મા ભગવતીમાં અખૂટ શ્રધ્ધા ધરાવતા ભકતો ચાલતા અંબાજી પહોંચી માં જગદંબાના દર્શનનો લાભ મેળવે છે. આ પદયાત્રીઓનું પ્રયાણ હાલમાં મુખ્ય માર્ગો ઉપર શરૂ થઈ ગયું છે. જેમાં ગાંધીનગરના માર્ગો ઉપરથી પસાર થતા આ પદયાત્રીઓના જય અંબેના જય ઘોષ વાતાવરણને ભકિતમય બનાવી રહ્યું છે તો આ પદયાત્રીઓની સેવામાં ઉભા થયેલા વિસામાઓમાં પણ સેવાર્થીઓ ખડે પગે થઈ ગયા છે. ચોતરફ ધાર્મિકતાનો માહોલ ઉભો થતા માતાજીનો

સાક્ષાત્કાર થઈ રહ્યો છે.

ભાદરવી પૂનમ આવતા શુક્રવારના રોજ છે જેથી હવે ફકત એક અઠવાડીયાનો સમય છે ત્યારે રાજયના ખુણે ખુણેથી માઈ ભકતો અંબાજી તરફ પદયાત્રાએ ચાલી નીકળ્યા છે. માં અંબેમાં અપાર શ્રધ્ધા ધરાવતા પદયાત્રીઓની સંખ્યા દિન પ્રતિદિન માર્ગો ઉપર વધી રહી છે. ગાંધીનગર પંથકના માર્ગો પણ પદયાત્રીઓથી ભરપૂર બન્યા છે. દિવસ રાત સહપરિવાર કે સંઘ સાથે આદ્યશકિતના ચરણોમાં શીશ ઝુકાવવા ચાલવાનું શરૂ કરી દીધુ છે. કેટલાક સંઘ માતાજીનો રથ લઈ નીકળે છે જેથી માર્ગો હાલ અંબેમય બની ગયા છે અને વાતાવરણમાં જય અંબેના જયઘોષનો ધ્વની પ્રચંડ બની રહ્યો છે.

ભકિત-શકિતના સમન્વય સમી આ પદયાત્રાઓના માર્ગો ઉપર સેવા કરવાવાળાઓની પણ કતારો લાગી ગઈ છે. માર્ગો ઉપર ઠેર ઠેર વિસામા ઉભા થઈ ગયા છે. જયાં રાત્રી મુકામ, ન્હાવાનું, ચા-પાણી, ભોજન અને દવાઓ સાથેની સેવાઓ ઉપલબ્ધ બની છે અને સેવાર્થીઓ પણ ચોવીસ કલાક ખડે પગે રહી સેવાનો લાભ મેળવી પુણ્યનું ભાથુ બાંધી લેવા તત્પર બન્યા છે. બાધા-આખડી, માનતા રાખેલા શ્રધ્ધાળુઓ દ્વારા બહુ જ આકરા તપ થઈ રહ્યા છે જેથી જયાં શ્રધ્ધા હોય ત્યાં પૂરાવાની જરૂર નથી પડતી તે અહીં સ્પષ્ટ વર્તાઈ રહ્યું છે. જગત જનની જગદંબાની અસીમ કૃપા ગુજરાત ઉપર બની રહે તેવા આશાવાદ સાથે પદયાત્રીઓને ગાંધીનગર સમાચાર પરીવાર તરફથી હાર્દિક શુભેચ્છાઓ.

શહેરમાં અત્ર-તત્ર-સર્વત્ર વિઘ્નહર્તા ગણપતિ બાપ્પાની ભકિતનો રંગ એવો છવાયો છે કે એમાં અબાલવૃધ્ધ સૌ કોઈ રંગાઈ ગયા છે. સે-૪-એમાં રેઈનબો પ્લે ગ્રુપ સ્કૂલ દ્વારા ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. સ્કૂલમાં બાળકો ગણેશજીની આરતી ઉતારે છે, પ્રસાદનું વિતરણ કરે છે અને ગણેશ વંદનાના ગીતો ભજનો ગાય છે સાથે તેની મસ્તીમાં ઝુમી ઉઠે છે. ગુરુવારે આ બાળકો ગણપતિજીનું વિસર્જન કરશે.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર રમણજી ઓશાજી, ઉ.વ. ૫૮
- સ્વ. પટેલ લક્ષ્મણભાઈ આત્મારામદાસ, ઉ.વ. ૮૫
- સ્વ. કેસરબેન આશરૂભાઈ ખિલ્લારે, ઉ.વ. ૯૫
- સ્વ. વિમલસિંહ ગોવિંદસિંહ ચાવડા, ઉ.વ. ૨૩